# હાર્ટ ફેઈલ : શહેરમાં બેભાન હાલતમાં ૪ના મોત

રાજકોટ, શહેરમાં બેભાન હાલતમાં ૪ ના મોત નોંધાયા હતા. જેમાં રસિકભાઈ કેશુભાઈ વેકરીયા (ઉ.વ.૫૧, રહે.રેલનગર, મારૂતિ સર્વિસ સ્ટેશન પાસે, જડેશ્વર બંગ્લોઝ) ગઈકાલે રાત્રે ૯.૩૦ વાગ્યાં આસપાસ આર્યનગર, પેડક રોડ, શ્રીજી આઈસ્કીમ નજીક રિક્ષામાં બેઠા હતા ત્યારે એકાએક શ્વાસમાં તકલીફ થઈ જતા સિવિલમાં ખસેડાયા હતા. જ્યાં તેમને મૃત જાહેર કરાયા હતા. રસિકભાઈ બે ભાઈ અને ત્રણ બહેનમાં મોટા હતા. તેમને સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે. તેઓ કેટરર્સ ચલાવતા હતા. એક પ્રસંગ માટે બૂકીંગના કામ માટે તેઓ ગયા હતાં.

ત્યાંથી ઘરે આવવા રિક્ષામાં બેઠા ત્યારે જ આ બનાવ બન્યો હતો. તેમના મોતથી પરિવારમાં શોક છવાયો હતો. બીજા બનાવમાં ધોરાજીના ભાદાજાળીયા ગામના રસિકભાઈ સવદાસભાઈ પાઘડાર (ઉ.વ.૫૭,



રહે.ભાદાજાળીયા ગામ, તા. ધોરાજી) ગઈકાલે રાત્રે ૧૦ વાગ્યાં આસપાસ રાજકોટ સર્વોદય સ્કુલ પાસે આસમાન સીટી એપાર્ટમેન્ટમાં પોતાના જમાઇ ભાવેશભાઈના ઘરે હતા ત્યારે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં લાવતા ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા. તેઓ ૫ ભાઈ અને ૧ બહેનમાં વચેટ હતા. ખેતી કરતા. બ્લડ કેન્સર હોવાથી અમદાવાદ જવાનું હતું. જેથી રાજકોટ આવી જમાઈના ઘરે રોકાયા હતા.

ત્રીજા બનાવમાં કમલાબેન શાંતિભાઈ સંડેરા (ઉ.વ.૫૫, વાવડી વિશ્વકમાં સોસાયટી-૧૪) ગઈકાલે સાંજે પોતાના ઘરે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં તેમને મૃત જાહેર કરાયા હતા. તેમને સંતાનમાં એક પુત્રી છે. પતિ કારખાનામાં કામ કરે છે. તેમને હાર્ટએટેક આવી ગયાનું અનુમાન છે. મૃતદેહ પીએમ. માટે ખસેડ્યો હતો.

ચોથા બનાવમાં સાધુવાસવાણી રોડ પર જનક કોમ્પ્લેક્ષમાં રહેતા ફાલ્ગુનીબેન તુષાર ભટ્ટ (ઉ.વ.૪૪) ગઈકાલે પોતાના ઘરે હતા ત્યારે બીમારીના કારણે તે બેભાન થઈ જતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યાં તેનું સારવાર દરમ્યાન મોત નિપજયુ હતું.

# વીજ તારને અડકી ગયેલા ડમ્પરમાંથી કરંટ લાગતા બાજુમાં ઉભેલા યુવકનું મોત!

રાજકોટઃ કુવાડવા ગામમાં રહેતા મૂળ મધ્યપ્રદેશના વતની અર્જુનભાઈ ભૂરાલાલભાઈ બાબરીયા આજે વહેલી સવારના રામપર બેટી ગામ પાસેથી ડમ્પરમાં માટી ભરી રાજકોટ ખાલી કરવાં માટે આવતો હતો ત્યારે રામપર બેટી નજીક જ ડમ્પરના ટાયરમાં પંચર પડ્યું હતું જેથી તેને તેના શેઠને જાણ કરતાં અન્ય ડમ્પરમાં ટાયર આવ્યું હતું. જે ટાયર નીચે ઉતારવા ડમ્પરની ટ્રોલી ઊંચી કરતાં ટ્રોલી વિજ તારને અડી ગઈ હતી. ત્યારે બાજુમાં ઉભેલ અર્જુનનો હાથ ડમ્પર ટ્રોલીને અડતાં તેમને પણ વિજ શોક લાગ્યો હતો. અચાનક જ જોરદાર લાગેલ વીજશોકથી યુવાન ત્યાં જ બેભાન થઈ ઢળી પડ્યો હતો ઘટનાસ્થળે એકઠાં થયેલ લોકોએ તુરંત યુવાનને સારવારમાં કુવાડવા હોસ્પિટલ ખસેડ્યો હતો પરંતુ સારવાર મળે તે પહેલાં જ તેનું મોત નિપજ્યું હતું. બનાવની જાણ થતા એરપોર્ટ પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસમોર્ટમ અર્થે ખસેડી તપાસ હાથ ધરી હતી. પોલીસ તપાસમાં મૃતક ડ્રાઈવિંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હોવાનું અને તેને ૩ સંતાન હોવાનું સામે આવ્યું છે જેને પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

# સોની બજારમાં ગ્રાહકના સ્વાંગમાં આવેલી મહિલા દાગીના ચોરી ફરાર, ધરપકડ

## ચેઈન અને બાલી પર્સમાં મૂકી નાસી છૂટી’તીઃ પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે મરીયમ લાલપરીયાને દબોચી, મુદ્દામાલ રિકવર

રાજકોટઃ સોની બજારમાં આવેલી જ્વેલર્સ પેઢીમાંથી ચાંદીના ચેઈન અને બાલીની ચોરી કરી મહિલા ફરાર થઇ ગઈ હતી. ગ્રાહકના સ્વાંગમાં આવેલી મહિલાએ રૂ૩૦ હજારની કિંમતના ઘરેણાં સેરવી લેતા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તપાસ આદરી મહિલા તસ્કરને દબોચી લઇ તમામ મુદ્દામાલ રિકવર કર્યો હતો.બનાવ અંગે પ્રહલાદ પ્લોટ શેરી નં.-૩૨/૩૫ ના ખૂણે રહેતા ૨૫ વર્ષીય સોની વેપારી સ્મિત નિલેશભાઈ કાત્રોડીયાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે એક અજાણી મહિલાનું નામ આપી જણાવ્યું હતું કે, તે સોની બજાર નવા નાકા નજીક શ્રી કુંજ જ્વેલર્સ નામની રીટેઈલ શોપ ધરાવે છે. ગઈકાલે સવારના અગિયાર વાગ્યાની આસપાસ એક અજાણ્યો પુરૂષ વર્ષ અને એક અજાણી મહીલા દુકાન ખાતે આવેલ હતા. તે બંને ચાંદીનો ચેન અને ચાંદીની કાનમાં પહેરવાની બાલી લેવા આવેલ હતાં. સેલ્સમેન પૃથ્વીરાજસિંહ ડોડીયાએ ચાંદીનો ચેન અને ચાંદીની બાલી ટેબલ ઉપર કાચની ડીસ્પ્લેમાંથી બહાર કાઢેલ હતી. દરમિયાન સેલ્સમેનને મહીલાએ ચાંદીના ચેનમાં નવી વેરાયટી બતાવવા માટે કહેલ હતું.જેથી સેલ્સમેન અન્ય વેરાયટી બતાવવા માટે નીચે ટેબલમાં સ્ટોકમાં રાખેલ નવી વેરાયટી કાઢવા નીચે નમતા જ તકનો લાભ ઉઠાવીને બહાર ટેબલ પર રાખેલ રૂ ૨૭ હજારની કિંમતના ચાંદીના બે ચેન અને એક ચાંદીની બાલી રૂ૩૦૦૦ એમ મળી કુલ ૩૦ હજારના ઘરેણાં મહીલા ટેબલ પરથી ચોરી કરી પોતાના પર્સમાં મુકી દિધેલ હતા. બાદ તેમને કઈ પસંદ નહી હોવાનું કહી બંને દુકાનમાંથી નીકળી ગયેલ હતા.બાદ સેલ્સમેને ચાંદીના ચેન અને બાલી પેક કરીને નીચે ડીસ્પ્લેમાં મુકી દીધેલ હતી. પંદર મીનીટ બાદ સેલ્સમેનએ ચાંદીના ચેનો અને બાલીનો વજન કરતા વજન ઓછો આવતા તેમણે મને જાણ કરી હતી. જે બાદ ફરિયાદીએ દુકાનના સીસીટીવી ફૂટેજ ચકાસતા તેમાં અજાણી મહિલા ચોરીને અંજામ આપતી ધ્યાને પડતા પોલીસે મહિલા તસ્કર મરીયમ અલ્તાફ લાલપરીયા (રહે. મનહર સોસાયટી શેરી નં.-૧, થોરાળા) ની ધરપકડ કરી તમામ ઘરેણાં રિકવર કર્યા હતા.

# વધુ એક એટીએમ તોડવા પ્રયાસ, પોલીસે અજાણ્યા બે શખ્સોની શોધખોળ હાથ ધરી

રાજકોટઃ રેલનગરમાં સાધુ વાસવાણી કુંજ રોડ પર રહેતા નિકુંજભાઈ દર્શકભાઈ જોષી (ઉ.વ.૩૬) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અભિનવ શ્રીરામનરેશ પાસવાન અને બે અજાણ્યા શખસોના નામ આપી જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા ત્રણ મહીનાથી ઢેબર રોડ ઉપર કાન્તા વિકાસ ગૃહ પાસે આવેલ ડી.સી.બી. બેંકમાં બ્રાન્ચ ઓપરેશન મેનેજર તરીકે નોકરી કરે છે. ગઈકાલે સાંજના ૭.૩૦ વાગ્યે ઘરે હતાં ત્યારે બેંકના બ્રાન્ચ મેનેજર હર્ષીલ તન્નાનો ફોન આવ્યો હતો કે, આપણી બેંકની બ્રાન્ચના એટીએમમા ચોરીની ઘટના બની છે, જેથી તેઓ બેંકની ઢેબર રોડ ઉપર આવેલ બ્રાન્ચ નજીક આવેલ એટીએમ ખાતે ગયા જ્યાં હાજર બેંકના બ્રાન્ચ મેનેજરે જણાવ્યું કે, સેન્ટ્રલ ઓફિસથી ફોન હતો અને આપણી બ્રાન્ચના એટીએમમાં અમુક શખસો અંદર પ્રવેશ કરી તેમા છેડછાડ કરતા હોવાનુ ફુટેજમા જોવામા આવે છે. ફરીયાદી અને બ્રાન્ચ મેનેજરે છૂસ્માં ચેક કરતા મશીનનુ શટર ખુલેલી હાલતમાં હતુ. શટરની અંદરની બાજુમા જ્યાં એટીએમ મશીનમાથી પૈસા બહાર આવે તે જગ્યાએ ટેપ મારી હતી.

અજાણ્યા શખસે છૂસ્માં પ્રવેશ કરી મશીનનુ શટર ખોલી તેમા ટેપ મારી પૈસા ચોરી કરવાની કોશિશ કરેલ હોય તેવુ લાગતા સેન્ટ્રલ ઓફિસથી CCTV કેમેરાના ફુટેજ મંગાવ્યા હતા. જે ફુટેજમા સાંજના ૭.૧૫ વાગ્યાની આસપાસ એક શખ્સ એટીએમ મશીનની બહાર ઉભો હતો અને બે શખ્સો છૂસ્માં પ્રવેશ કરી મશીનનુ શટર ખોલી તેમા ટેમ્પરીંગ કરી છૂસ્મા પડેલ મોટી રકમમાથી રૂપીયાની ચોરી કરવાની કોશિશ કરતા હોય તેવુ જોવા મળ્યું હતુ. જે બાદ પોલીસને જાણ કરતા સીસીટીવી ફુટેજ જોઇ આજુબાજુમા તપાસ કરતા ATM અંદર જોવામા આવતા બે શખ્સો પૈકી એક અભિનવ શ્રી રામનરેશ પાસવાન નામનો શખસ મળી આવ્યો હતો જે અંગેની ફરીયાદ ફરીયાદ પરથી ભક્તિનગર પોલીસે ગુનો નોંધી બે અજાણ્યા શખસોની શોધખોળ શરૂ કરી છે.

# પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોક

રાજકોટઃમૂળ ઉતરપ્રદેશનો વતની અને હાલ રાજકોટના સાંઝા ચુલા રેસ્ટોરન્ટમાં કામ કરતો સંતોષ રામખેલવાન કુમાર (ઉ.વ.૨૩) ગઈકાલે હોટલમાં હતો ત્યારે બેભાન થઇ જતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું સારવાર દરમ્યાન મોત નિપજયુ હતું. બનાવની જાણ થતા તાલુકા પોલીસ ટીમે મૃતદેહ પોસમોર્ટમ અર્થે ખસેડી મોતનું ચોક્કસ કારણ જાણવા જરૂરી કાર્યવાહી કરી હતી પ્રાથમિક તારણમાં હાર્ટ એટેકથી મોત થયાનું સામે આવ્યું હતું. પોલીસ તપાસમાં મૃતક સંતોષ તેના ભત્રીજા સાથે રહેતો હતો અને હોટલમાં સફાઈકામ કરતો હતો. પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોક વ્યાપી ગયો છે.

# મનપા કચેરી પાસે પ્રૌઢ પર હુમલો કરી બાઈક - મોબાઈલની લૂંટ કરનાર કુખ્યાત ત્રિપુટી ઝબ્બે

## ગુનાને અંજામ આપી લુખ્ખાઓ ધોરાજી નાસી છૂટ્યા ’તા, પેટ્રોલ પૂરું થઈ જતાં બાઈક મૂકી પરત ફર્યાને દબોચાયા

રાજકોટઃબસપોર્ટ નજીક આવેલ મનપા કચેરી નજીક પ્રૌઢને માર મારી ત્રણ શખ્સો બાઈક અને મોબાઈલની લૂંટ ચલાવી ફરાર થઈ જતાં પોલીસના અસ્તિત્વ સામે સવાલો ઊભાં થયાં હતાં. જૂની મોડ્સ ઓપરેન્ડીથી જ થયેલ બનાવમાં લુખ્ખાગીરી અટકાવવામાં અસફળ રહેલી એ.ડિવિઝન પોલીસે ગુનો થયાં બાદ કુખ્યાત ત્રિપુટીની ધરપકડ કરી મોબાઈલ રિકવર કર્યો હતો. બનાવ અંગે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આંબેડકરનગર શેરી નં.-૯ માં રહેતા ૫૯ વર્ષીય પ્રૌઢ સંજયકુમાર બિજલભાઈ પરમારે નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ત્રણ અજાણ્યા શખ્સોનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ૭૦ વર્ષીય માતા અને ૨૪ વર્ષીય પુત્રી સાથે રહે છે. મેટોડા ખાતે આવેલ મેકપાવર કંપનીમાં મજૂરી કરે છે.

ગઈ તા. ૨૩ ના રાત્રિના સાડા નવેક વાગ્યાની આસપાસ તેઓ ઘરેથી બાઈકમાં ઢેબર ચોક પાસે લાખાજીરાજ રોડ પર આવેલ રાજસ્થાની નાસ્તાની લારીએ નાસ્તો કરવા ગયેલ હતો. બાદ રાત્રીના દશેક વાગ્યે મિત્ર કુલદિપભાઈ સાથે ફોનમાં વાત કરવા માટે લારીથી થોડે આગળ બાઈક પાર્ક કરેલ હતુ. ત્યા બાઈક પર બેસી ફોન પર વાત કરતો હતો અને સામેની બાજુના ખુણામા ત્રણ સ્ત્રીઓ ઉભી હતી. ત્યારે સાંગણવા ચોક તરફથી એક બાઈક આવેલ અને ચાલકે બાજુમા વાહન ઉભુ રાખેલ હતું.

બાઈક પર આવેલ ત્રિપુટી પૈકી એક શખ્સ નીચે ઉતરીને કહેવા લાગેલ કે, તારી સામે મારી બહેનો ઉભી છે, તુ એમની સામે કેમ જુએ છે? જેથી તેને કહેલ કે, હુ તે સ્ત્રીઓને ઓળખતો નથી, તેમની સામે પણ જોતો નથી. બાદ આ શખ્સે ફડાકા મારી કહેલ કે, ચાલ આપણે પોલીસ સ્ટેશન ખાતે જઈએ, તો હા પાડતાં તે બાઈકમાં વચ્ચે બેઠેલા શખ્સ નીચે ઉતરીને ફરીયાદીનાં બાઈક આગળ બેસી ગયેલ અને તેમને પાછળ બેસવાનુ કહેલ હતું. જેથી તેઓ પાછળ બેસી ગયાં હતાં. જયારે અન્ય બે શખ્સો પોતાનું બાઈક લઇ સાથે આવેલ હતા. આર.એમ.સી. ચોક પાસે આશાપુરા રોડ તરફ જતા નોબલ ઈલેક્ટ્રીકની બાજુમા પહોંચીને બન્નેએ બાઈક ઉભા રાખેલ હતા. બાદ પ્રૌઢના બાઈકની ચાવી કાઢી તેઓને ઉતારી નીચે પાડી દઈ એક શખ્સ ઢીકાપાટુનો માર મારવા લાગેલ હતો. બાદ અન્ય બે શખ્સો કહેવા લાગેલ કે, તારા ફોનમાથી ગુગલ પે દ્વારા પૈસા આપી દે તો તને જવા દઈશુ, તેને પૈસા આપવાની ના પાડતા એક શખ્સે મોબાઈલ ફોન ઝુટવી લીધો હતો અને આ ત્રણેયએ ઢીકાપાટુનો માર મારવા લાગેલ હતા.

જેથી પ્રૌઢ ત્યાથી બસ સ્ટેશન પાછળ તરફ દોડીને જતો રહેલ અને ત્યાથી રીક્ષામાં બેસી ઘરે પરત ફરેલ હતાં. બાદ આધેડે પોલીસ મથકે દોડી જઈ માર મારી બાઈક અને મોબાઈલ મળી કુલ રૂ. ૫૫ હજારની મતાની લૂંટ આચરનાર ત્રિપુટી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.ઘટનાને પગલે એ ડિવિઝન પોલીસની ટીમે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ આદરી કુખ્યાત સમીર ઈસ્માઈલ ચાનિયા, અઝરૂદિન ઉર્ફે નવાઝ હુશેન સાપિયા અને સલીમ ગફાર ઠેબાની ધરપકડ કરી લૂંટમાં ગયેલ મોબાઈલ રિકવર કર્યો હતો. વધુમાં ઝડપાયેપા શખ્સોએ કેફિયત હતી કે, લૂંટને અંજામ આપી ત્રણેય શખ્સો મોટરસાયકલ લઈને ધોરાજી પંથક તરફ નાસી ગયા હતા. જયા લૂંટમાં મેળવેલ બાઈકમાં પેટ્રોલ ખૂટી જતાં વાહન ત્યાં જ મૂકી દીધું હતું. જેથી પોલીસે મોટરસાયકલ રીકવર કરવા તજવીજ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, સમીર અગાઉ નકલી પોલીસ બનીને પૈસા પડાવવાના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલો છે જયારે હુશેન તાજેતરમાં જ પાસા કાપીને છૂટ્યો હતો.

# મામલતદારની રેડ બાદ ખાણ ખનીજ વિભાગની કાર્યવાહી

## સાયલાના જૂના જસાપરમાં ખનીજ ચોરી મામલે રૂ. ૨.૮૭ કરોડનો દંડ ફટકારાયો

સાયલાઃ સાયલાના જૂના જસાપરમાં ખનીજ ચોરી મામલે રૂ.૨.૮૭ કરોડનો દંડ ફટકારાયો છે. મામલતદારની રેડ બાદ ખાણ ખનીજ વિભાગની કાર્યવાહી કરી જમીન માલિકો અને મશીન સંચાલકોને કારણદર્શક નોટિસ ફટાકારી પુરાવા સાથે હાજર રહેવા ફરમાન કર્યું છે.સાયલા તાલુકાના જૂના જસાપર ગામે સર્વે નંબર-૫૨ પર મોટા પાયે ચાલી રહેલા બ્લેક ટ્રેપ ખનીજના ગેરકાયદેસર ખોદકામ પર ગત ૧૩ જાન્યુઆરીએ મામલતદારે આકસ્મિક દરોડો પાડયો હતો. આ કામગીરીમાં બે મશીનો ઝડપાયા બાદ તપાસ ખાણ ખનીજ વિભાગને સોંપવામાં આવી હતી. તપાસના અંતે વિભાગ દ્વારા બિનઅધિકૃત ખનન બદલ કુલ ૨,૮૭,૫૦,૫૩૫ નો જંગી દંડ ફટકારવામાં આવ્યો છે.આ



કૌભાંડમાં સંડોવાયેલા જમીન માલિકો, મશીન માલિકો તથા સંગ્રામભાઈ જોગરાણાને લેખિત નોટિસ પાઠવવામાં આવી છે. તમામ જવાબદારોને આગામી ૪ ફેબ્આરી ના રોજ જરૂરી આધાર-પુરાવા સાથે સુરેન્દ્રનગર ખાણ ખનીજ કચેરી ખાતે હાજર રહેવા આદેશ કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર રેડ સાયલા મામલતદાર દ્વારા કરવામાં આવી હતી જયારે હાલ ખાણ ખનીજ વિભાગ દ્વારા બજાવવામાં આવેલી નોટિસમાં સંયુક્ત કામગીરી દર્શાવવામાં આવી છે.

કોને-કોને હાજર રહેવા નોટિસઃ(૧) હિમાબેન ખોડાભાઈ ભરવાડ, સેલાભાઈ ખોડાભાઈ ભરવાડ, બાધુબેન ખોડાભાઈ ભરવાડ, ભુરાભાઈ ખોડાભાઈ ભરવાડ, પુરીબેન હરજીભાઈ ભરવાડ (રહે. તમામ જુના જસાપર જમીન માલિક)(૨) બાલાભાઈ સોનાભાઈ ઠાકોર (રહે. નવી કુંવર, તા.શંખેશ્વર,મશીન માલિક)(૩) રઘુવીર ભાઈ પ્રવીણભાઈ ખાચર (રહે. નવા જસાપર, મશીન માલિક)

## જંગલેશ્વરમાં ડિમોલિશનની આખરી નોટિસથી ફફડાટ

# ૧૩૫૮ દબાણકર્તાઓની વહીવટી તંત્ર સમક્ષ આવાસની માગ

રાજકોટઃરાજકોટ શહેરમાં આજી રિવરફ્રન્ટ અને આજી રિ ડેવલપમેન્ટ માટે શહેરના જંગલેશ્વરમાં સરકારી જમીન પર દબાણરૂપ ૧૩૫૮ મિલકત ધારકોને કલમ ૨૦૨ હેઠળ નોટિસ બાદ ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે. કારણકે ૨૫૦૦૦ જેટલા લોકો બેઘર થવાના છે, ત્યારે ૪૦૦ કરોડની સરકારી જમીન પર ૫૦ વર્ષથી વધુ સમયથી રહેતા સ્થાનિક લોકો આજે પૂર્વ વિભાગના મામલતદાર સમક્ષ પહોંચ્યા હતા અને વૈકલ્પિક વ્યવસ્થા સ્વરૂપે આવાસની માંગણી તેમજ દબાણ હટાવવા માટે થોડો સમય આપવાની માગ કરી હતી. જોકે આવાસ ફાળવવાનું કામ કોર્પોરેશનનું હોવાનો જવાબ મળતા સ્થાનિકો ત્યાંથી ચાલ્યા ગયા હતા.જંગલેશ્વરમાં કિંમતી સરકારી જમીન પર દબાણ



પ્રકરણમાં જિલ્લા કલેક્ટરની સુચના મુજબ રાજકોટ શહેર પૂર્વ મામલતદાર એન.પી. અજમેરા અને તેની ટીમો દ્વારા ૧૩૫૮ જેટલા દબાણકર્તાઓને દબાણ હટાવવા માટેની કલમ ૨૦૨ હેઠળની આખરી નોટિસ ફટકારી હતી અને દબાણકર્તાઓને સ્વૈચ્છીક રીતે દબાણ હટાવવાની સાત દિવસની મુદત અપાઈ છે અને હવે ગમે ત્યારે ડિમોલીશન તોળાઇ રહ્યું છે.જેથી જંગલેશ્વર વિસ્તારના દબાણકર્તાઓમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે. જેને કારણે આજે ૨૮ જાન્યુઆરીએ જંગલેશ્વર વિસ્તારના અનેક દબાણકર્તાઓ ફરી એકવાર પૂર્વ મામલતદાર કચેરી ખાતે ઉમટી પડ્યા હતા અને મામલતદાર સમક્ષ વિકલ્પ રૂપે સરકારી આવાસ ફાળવવા તેમજ દબાણો ખાલી કરવા માટે થોડો સમય આપવા રજૂઆત કરી હતી.

# ઉપલેટાના વાડલા પ્રાથમિક શાળામાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

## ચોરી કરનારા બે સ્થાનિક ઈસમોની પોલીસે ધરપકડ કરી

ઉપલેટાઃઉપલેટા પોલીસે રાજકોટ ગ્રામ્યના વાડલા ગામની પ્રાથમિક શાળામાં થયેલી ચોરીનો ભેદ ઉકેલ્યો છે. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓની ધરપકડ કરી ચોરાયેલો મુદ્દામાલ કબજે કર્યો છે.૭ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ રાત્રિના સમયે વાડલા પ્રાથમિક શાળાના મધ્યાહન ભોજનના રસોડાનું તાળું તોડી ચોરી થઈ હતી. તસ્કરો રસોડામાંથી બે ગેસ સિલિન્ડર, તેલના ડબ્બા અને અન્ય સામગ્રી સહિત કુલ રૂ. ૮,૦૦૦ની મત્તાની ચોરી કરી ગયા હતા. શાળાના આચાર્ય પ્રવીણભાઈ ગજેરાએ આ અંગે ફરિયાદ નોંધાવી હતી.આ બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રાજકોટ રેન્જ આઈ.જી.પી. અશોકકુમાર



યાદવ, રાજકોટ ગ્રામ્ય એસ.પી. વિજયસિંહ ગુર્જર અને ધોરાજી ડિવિઝનલ ડી.વાય.એસ.પી. સિમરન ભારદ્વાજે આરોપીઓને ઝડપી પાડવા સૂચના આપી હતી.ઉપલેટા પોલીસ સ્ટેશનના પી.આઈ. બી.આર. પટેલના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમે હ્યુમન સોર્સીસ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ હાથ ધરી હતી. આ કામગીરીમાં એ.એસ.આઈ. ધરમચંદ કટોચ, હેડ કોન્સ્ટેબલ કૌશિકભાઈ જોષી, પોલીસ કોન્સ્ટેબલ હરેશભાઈ જાંબુકીયા, પ્રફુલકુમાર ભરડા અને રાહુલકુમાર વાંઝા સહિતના સ્ટાફે જહેમત ઉઠાવી હતી.ઉપલેટા પોલીસે બાતમીના આધારે વાડલા ગામના જ રોહિતભાઈ અરવિંદભાઈ મકવાણા અને કરણભાઈ ઉર્ફે કલો વિજયભાઈ ખિમોરીયાને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી ચોરી થયેલા ઈન્ડિયન ગેસના બે સિલિન્ડર (કિંમત રૂ. ૪,૦૦૦) કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ગોંડલમાં લીલા નારિયેળમાં યુવકનો ગુપ્ત ભાગ ફસાયો!

## સોશિયલ મીડિયામાં બદનામીના ડરે ૧૯ વર્ષીય યુવકે આપઘાત કર્યો

ગોંડલઃ ગોંડલમાં એક અજીબોગરીબ અકસ્માત બાદ સોશિયલ મીડિયામાં બદનામીના ડરે એક ૧૯ વર્ષીય યુવકે આપઘાત કરી લીધો છે. આ ઘટના ૨૫ જાન્યુઆરીના રોજ બની હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગત ૧૨ જાન્યુઆરીના રોજ નાગડકા રોડ પર રહેતા આ યુવકનો ગુપ્ત ભાગ અકસ્માતે લીલા નાળિયેરમાં ફસાઈ ગયો હતો. ગંભીર ઈજા અને વધુ રક્તસ્ત્રાવ થતા તેને ગોંડલ, રાજકોટ અને ત્યારબાદ અમદાવાદની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.આ અકસ્માતની વિગતો સોશિયલ મીડિયા પર વાયરલ થતા યુવક ભારે માનસિક તણાવમાં આવી ગયો હતો. સમાજમાં બદનામીના ડરે તેણે ૨૫ જાન્યુઆરીના રોજ ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું હતું.યુવકના મૃત્યુ બાદ પરિવારજનોએ પોલીસને જાણ કર્યા વગર જ કોટડા સાંગાણી રોડ પર આવેલા ખોડિયાર માતાજીના મંદિર પાસેના રહેણાંક મકાનની પાછળ મૃતદેહની દફનવિધિ કરી દીધી હતી. પોલીસને આ અંગે જાણ થતા, હાલ મૃતદેહને બહાર કાઢી પેનલ પીએમ માટે મોકલી આપવામાં આવ્યો છે.ગોંડલ શહેર પોલીસ દ્વારા પરિવારજનોએ મૃતદેહની દફનવિધિ છુપાવીને શા માટે કરી તે દિશામાં વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.